# <u>બં.અ.કૃ.મ. ખાતે 50મા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી</u>

બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય ખાતે, 50મા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે “બીટ પ્લાસ્ટિક પોલ્યુશન” થીમ પર કોલેજના બોટનિકલ ગાર્ડન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિશ્રી, ડો. કે.બી. કથીરિયા, આણંદ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ ડો.વાય.એમ. શુક્લ, ડીન અને પ્રિન્સીપાલ, વિવિધ વિભાગોના વડાઓ, ડો.ડી.જે.પરમાર, એસ.આર.સી.ના ચેરમેન, કેપ્ટન શ્રી. પી. એ. ગોહિલ (NCC for Boys), પ્રો. રુચા દવે (NCC for Girls), ડૉ. નિખિલ જોષી (NSS પ્રોગ્રામ ઓફિસર) અને વિદ્યાર્થી કેડેટ્સ. ની હાજરીમાં કરવામાં આવેલ હતું.

કાજુ, થાઈ કેરી, રબર ટ્રી, સીતાફળ, અંજીર, મહાગોની, મુસન્ડો, બહેડા અને સીસમ વગેરે જેવા વિવિધ વૃક્ષોની પ્રજાતિઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા રોપવામાં આવી હતી. ડૉ.વાય.એમ. શુક્લએ વિશ્વ પર્યાવરણ દિવસના મહત્વ વિશે માહિતી આપી હતી અને પૃથ્વીને પ્લાસ્ટિકના પ્રદૂષણના જોખમો વિશે પણ અવગત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત દરેક દ્વારા પ્લાસ્ટિકની સામગ્રીનો ઉપયોગ ઘટાડવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. અંતમાં ડો.ડી.જે.પરમારે ડો. એચ.એચ. સીતાપરા, મદદનીશ પ્રાધ્યાપક, હોર્ટિકલ્ચર ફાર્મ, ડો. આકર્ષ પરિહાર, વિભાગીય વડા જનીન વિદ્યા અને પાક સંવર્ધન વિભાગ અને ઉપસ્થિત તમામનો આભાર માનીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.






B.A.COLLEGE OF AGRICULTURE, AAU, ANAND


National Cadet Corps
National Service Scheme
B. A. College of Agriculture


National Cadet Corps
B. A. College of Agriculture
Anand Agricultural University, Anand


National Cadet Corps
B. A. College of Agriculture
Anand Agricultural University, Anand
MILLETS



